# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૪/૦૨/૨૦૧૮

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **"રન ફોર ન્યુ ઈન્ડિયા" મેરાથોન આજે.**
- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ફલેગ ઓફ કરી મેરાથોનને પ્રસ્થાન કરાવશે.**
- **સુરત નાગરીક સમિતીના નેજા હેઠળ આયોજીત "રન ફોર ન્યુ ઈન્ડિયા"માં પધારનાર આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભાજપ–સુરત મહાનગર દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે.**
- **શહેર સંગઠનના પદાધિકારીઓ, હજ્જારો કાર્યકર્તાઓ સહિત સુરતી લાલાઓમાં અનેરો ઉત્સાહ.**
- **ન્યુ ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવા "રન ફોર ન્યુ ઈન્ડિયા" મેરાથોનમાં હજ્જારો શહેરવાસીઓ દોડી એક અનોખો વિક્રમ નોંધાવશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

તાપી શુધ્ધિકરણ માટે વર્ષ ૨૦૧૭માં ''રન ફોર તાપી'' સુરત મેરાથોનના સફળ આયોજન બાદ આ વર્ષે ન્યુ ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવાના પ્રેરણાત્મક ઉદ્દેશ્ય સાથે ''રન ફોર ન્યુ ઈન્ડિયા'' સુરત મેરાથોનનું આજે રવિવાર, ૨૫મી ફેબ્રુઆરીએ આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં વિકાસ પુરૂષ અને ન્યુ ઈન્ડિયાના સ્વપ્ન દ્રષ્ટા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ફ્લેગ ઓફ કરી મેરાથોનને પ્રસ્થાન કરાવશે.

સુરત નાગરીક સમિતીના નેજા હેઠળ આયોજીત થનારી ''રન ફોર ન્યુ ઈન્ડિયા'' મેરાથોનમાં સુરત પધારનાર આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. ''રન ફોર ન્યુ ઈન્ડિયા''ના આયોજનને લઈ ભા.જ.પ. શહેર સંગઠનના પદાધિકારીઓ, હજ્જારો કાર્યકર્તાઓ સહિત શહેરવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવાઈ રહ્યો છે. આ મેરાથોનમાં સુરતીલાલાઓ દોડી એક અનોખો વિક્રમ નોંધાવશે.

આ પ્રસંગે ગુજરાતના કર્તવ્યનિષ્ઠ તથા લોકપ્રિય મુખ્યમંત્રી માન. શ્રી વિજયભાઈ રૂપાણી, ઉપ મુખ્યમંત્રી માન. શ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ માન. શ્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, રાજ્ય મંત્રીગણ, શહેર સંગઠનના પદાધિકારીઓ, સંસદ સભ્યો તથા ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.